

ગાંધીનગર-ઈન્દીરાબ્રીજ હાઈવે પર સવારના અરસામાં પસાર થઈ રહેલુ રેતી ભરેલુ ડમ્પર એપોલો સર્કલ પાસે પલ્ટી મારી જવા પામી હતી. રસ્તા વચ્ચે પલ્ટી મારી ગયેલુ ડમ્પર ગોઠવાઈ જતા લોકો કલાકો રસ્તો બંધ રહ્યો હતો. જો કે સદ્‌ભાગ્યે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થવા પામી ન હતી.

# સ્વચ્છતાના કારણે ૧૦ થી ૨૦ ટકા રોગચાળા પર નિયંત્રણ થઈ શકે : શંકરભાઈ ચૌધરી

## માણસા તાલુકાના ૫૨ ગામોમાં ૮૦૦૦ ડસ્ટબિનનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે યોજાયેલા સ્વચ્છ ભારત - સ્વચ્છ ગુજરાત અભિયાન અન્વયે માણસા તાલુકાના ૫૨ ગામોમાં ઘરદીઠ એક એવા ૮૦૦૦ ડસ્ટબિનનું રૂ. ૧૨ લાખના ખર્ચે રાજય આરોગ્ય મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે વિતરણ કરાયું હતું.

મંત્રી શ્રી ચૌધરીએ જણાવ્યું હતું કે, રાજય સરકારના સ્વચ્છતા અભિયાનમાં જનશક્તિનું સમર્થન મળી રહે તો જ આ અભિયાન સફળ થઈ શકે. પ્રવાસી ભારતીય દિવસની ગાંધીનગરમાં થયેલ ઉજવણીમાં ભાગ લેવા કેનેડાથી આવેલા સોલૈયા ગામના શ્રી રમણભાઈ આર. ચૌધરીએ રૂ. ૧૨ લાખ જેટલી માતબર રકમ ગામોમાં સ્વચ્છતા જળવાઈ રહે અને નાગરિકોની તંદુરસ્તી સહિત રોગચાળાનું પ્રમાણ ઘટે તેવા શુભ આશયથી સ્વચ્છતા માટેનું સુંદર કાર્ય કરવા બદલ મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીએ તેમનું સન્માન કર્યુ હતું. સન્માનના પ્રત્યુત્તરમાં ડસ્ટબિનના દાતા શ્રી રમણભાઈ ચૌધરીએ ગામની સ્વચ્છતા માટે અને ડસ્ટબિનનો અસરકારક ઉપયોગ દ્વારા ગામડાની ગંદકીને કાયમી ધોરણે તિલાંજલિ આપવા ગામના યુવાનો અને ઉપસ્થિત



સરપંચશ્રીઓને અપીલ કરી હતી.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, રાજય સરકારનું આરોગ્ય વિભાગનું બજેટ રૂ. ૫૦૦૦ કરોડનું છે. પ્રજા સ્વચ્છતા રાખી, આ અભિયાન સ્વયંભૂ ઉપાડી લે તો નાની મોટી બિમારીઓમાં નિયંત્રણ આવતાં ૧૦ થી ૨૦ ટકા રોગચાળા પાછળ ખર્ચાતુ બજેટ ઘટાડી નિયંત્રણ લાવી શકાશે. મંત્રીશ્રી ચૌધરીએ આ પ્રસંગે વિદ્યાર્થી જીવનની આદર્શદિન ચર્યા હેન્ડબુકનું વિમોચન પણ કર્યું હતું.

શ્રી ચૌધરી ૨૭ ગોળ યુવક મંડળના મહામંત્રી અને આમજાના યુવક અગ્રણી શ્રી જયેશભાઈ ચૌધરીએ સ્વાગત પ્રવચન કરીને ૫૨ ગામોમાં વિતરણ થનાર ૮૦૦૦ ડસ્ટબિનનો અર્થ સરે અને ગામોમાં સ્વચ્છતા જળવાઈ રહે તેવું સુંદર સેવા કાર્ય સ્વયંભૂ ઉપાડી કાયમી સ્વચ્છતા જાળવી રાખવા યુવાનોને અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે માણસાના ધારાસભ્ય શ્રી અમીતભાઈ ચૌધરી, ચૌધરી સંકુલ - માણસાના પ્રમુખ શ્રી હરીભાઈ વી. ચૌધરી, માણસા નગરપાલિકાના પ્રમુખ શ્રી ગોવિંદભાઈ પટેલ અગ્રણી શ્રી ગાંડાભાઈ ચૌધરી સહિત ૫૨ ગામોના સરપંચ સહિત વિશાળ સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહી સ્વચ્છતા જાળવી રાખવાનો સંકલ્પ કર્યો હતો.

## માર્ગ સુરક્ષા સપ્તાહ અંતર્ગત જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું

ગાંધીનગર, તા. ૨૦

રાજયભરમાં માર્ગ સુરક્ષા સપ્તાહ ઉજવાઈ રહ્યું છે. ત્યારે તા. ૧૬-૧-૨૦૧૫ને શનિવારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી. પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને માર્ગ સુરક્ષા, ટ્રાફિક નિયમન, વાહન ચલાવતા રાખવી પડતી સાવધાની વિગેરે વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ગાંધીનગર શહેર વસાહત મંડળ અને ગાંધીનગર જિલ્લા પોલીસ વિભાગના સંયુકત ઉપક્રમે યોજાયેલ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા પોલિસ વિભાગનાં એસ.પી. વાઘેલા સાહેબ, પી.એસ.આઈ. તોરલબેન પટેલ, પી.આઈ. ગામિત સાહેબ, ગાંધીનગર શહેર વસાહત મંડળના આગેવાનો અરુણભાઈ બુચ, જિકાદરા સાહેબ, ચેતના બુચ વગેરેએ ઉપસ્થિતરહી વિદ્યાર્થીઓને જરુરી માર્ગદર્શન સહ અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે ટ્રાફિકને લગતા સુત્ર સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં વિજેતા વિદ્યાર્થીઓ પૂજન જે. પટેલ, ચિંતન ડી. ભૂપતાણી, નીલ. સી. પટેલ, રવિ ડી. પટેલ અને આર્યન એમ. મકવાણાને મહાનુભાવોનાં હસ્તે ઈનામ આપવામાં આવ્યા હતા. શાળાનાં આચાર્યા નીવાબેન પટેલે શાબ્દિક સ્વાગત સહ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતાં.

## જે.એમ. ચૌધરી સંકુલના જીવણભાઈનો ૧૫મો શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો

શ્રી જે.એમ. ચૌધરી શૈક્ષણિક સંકુલના આદ્યસ્થાપક શેઠશ્રી જીવણભાઈ માધાભાઈ ચૌધરીનો પંદરમો શ્રદ્ધાંજલિ કાર્યક્રમ સંસ્થામાં યોજાયો હતો. જેમાં પ્રાર્થના, ભજન તેમજ આચાર્યશ્રી સંતોકબેન ચૌધરીએ સ્મરણાંજલિ અર્પણ કરેલ હતી. ઉચ્ચત્તર વિભાગના રમીલાબેન ચૌધરીએ પણ શેઠશ્રી જીવનકવન વિષે સંસ્મરણો દ્વારા ભાવાંજલિ અર્પણ કરી હતી. સમગ્ર પરિવારે 'હે નાથ' જોડી શ્રદ્ધાંજલિ સામુહિક ગાન કરીને અર્પણ કરી હતી.

# શહેરમાં નિલ ગાયે વધુ એક વાહનચાલકનો ભોગ લીધો

## સરગાસણ ચોકડી પાસે સ્કુટર આડે નિલ ગાય આવી ચઢતા ફંગોળાયેલા પ્રૌઢનું ઘટના સ્થળે મૃત્યુ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેર ઉપરાંત આસપાસના વિસ્તારોમાં નિલ ગાયનો ભયંકર ત્રાસ છે. નિલ ગાય આડે આવતા અકસ્માત સર્જાયાનાં સંખ્યાબંધ કિસ્સાઓ ગાંધીનગર આસપાસ બન્યા છે અને આવા અકસ્માતમાં મૃત્યુના પણ બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે. જેના ભાગરૂપે ટ્રાફીક પોલીસે નિલ ગાય પ્રભાવિત વિસ્તારોના હોર્ડીંગ્સ પણ આવા વિસ્તારોમાં મારવા પડયા છે. આજે વધુ એક વ્યકિત નિલ ગાયથી અકસ્માત સર્જાવાથી મૃત્યુ પામી છે. સે-૭ પોલીસે ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી શરુ કરી છે.

અમદાવાદના બોપલ વિસ્તારમાં રહેતા ૫૭ વર્ષીય મનોજકુમાર ચંદુલાલ પટેલ આજે બપોરનાં અરસામાં શહેરનાં ખ માર્ગ પરથી સ્કુટર લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે સરગાસણ ચોકડી પાસે અચાનક તેમના સ્કુટરની આગળ નિલ ગાય આવી ચઢી હતી. સ્ટીયરીંગ પર કાબુ ગુમાવી મનોજકુમાર ફંગોળાઈને રસ્તા પર પટકાયા હતા અને અકસ્માતમાં ઘટના સ્થળ પર જ તેમનું કમકમાટીભર્યુ મૃત્યુ નિપજયું હતું. આ બનાવની જાણ સે-૭ પોલીસને થતાં હેડ કોન્સ્ટેબલ ચંદુભાઈ સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી વાલીવારસને જાણ કરીને ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

## નાણાં વિભાગમાં આર.બી.આઈ.ના અધિકારી પ્રતિનિયુક્તીથી મુકાયા

ગાંધીનગર, તા. ૨૦

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ડી.જી. એમ. કેડરના અધિકારી શ્રી અનિલકુમાર યાદવની ગુજરાત સરકારના નાણાં વિભાગમાં અધિક સચિવ પદે નિયુક્તી કરવામાં આવી છે.

ઈન્સ્ટીટ્યુટશનલ ફાઈનાન્સના ડાયરેક્ટર તરીકે તેઓ સેવાઓ આપશે. બેંકો અને નાણાંકીય સંસ્થાઓને લગતી બાબતો માટે શ્રી યાદવની સેવાઓ ગુજરાત હસ્તક મુકવાની દરખાસ્તનો સ્વીકાર થતાં તેમની સેવાઓ ગુજરાત સરકારને ઉપલબ્ધ બની છે.

શ્રી યાદવ ગેંગટોકની આર.બી.આઈ.માં ડી.જી.એમ. તરીકે સેવાઓ આપતા હતા. બે વર્ષ માટે શ્રી યાદવની પ્રતિનિયુક્તી પર આ નિમણુંક કરવામાં આવી છે.

## એસ.જી. પ્રાથમિક શાળામાં દેશભકિત કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરની એસ.જી. પ્રાથમિક શાળાના ધો-૧ થી ૪ના બાળકો દ્વારા સ્વાતંત્ર્ય સેનાનીઓ વિશે વકતવ્યનો દેશભકિત કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શાળાના આચાર્યા મીલીસિંહ અને મહેમાન જયોતિબેન શર્મા ઉપસ્થિત રહ્યા હતાં.

આ કાર્યક્રમમાં બાળકોએ ભારતના વીર સપૂતોની વેશભૂષા ધારણ કરી પોતાની કાલી ઘેલી ભાષામાં વકતવ્યો આપ્યાં હતાં. આ બાળકોએ મહાત્મા ગાંધી, સુભાષચંદ્ર બોઝ લોકમાન્ય ટીળક, ભગતસિંહ, મેડમ કામા, વિજયાલક્ષ્મી પંડિત, સરદાર વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નહેરુ જેવા મહાન દેશભકતોના જન્મ અને જીવન વિશે માહિતી આપીને તેમના બાળ કૌશલ્યનું પ્રદર્શન કર્યુ હતું. આ કાર્યક્રમમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## આજે સે. ૨/ડીમાં મુકેશ ભટ્ટની ભજન સંધ્યા યોજાશે

ગાંધીનગરના સે. ૨-ડીના ચબુતરા ચોકમાં આવેલ પ્લોટ નં. ૧૬૬૭/૨ ખાતે આજે રાત્રે ૯.૩૦ વાગે દિનેશભાઈ વ્યાસ પરિવાર તરફથી ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે.

## વડનગરા જ્ઞાતિજનોની ક્રિકેટ મેચનું આયોજન

ગાંધીનગરના વડનગરા નાગર મંડળ ની યુવા પાંખ દ્વારા તા. ૧લી ફેબ્રુઆરીના રોજ એક દીવસીય ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યું છે. આ ક્રિકેટ મેચ સવારે ૭-૦૦ વાગ્યાથી ચાલુ કરાશે. આ ક્રિકેટ મેચમાં ભાગ લેવા માટે ૧૪ વર્ષથી ઉપરના વડનગર નાગર જ્ઞાતિજનોને નિસર્ગ દર્પણ બુચ અને હાર્દજ્ઞ વત્સલ વોરાનો સંપર્ક સાધવા જણાવાયું છે. આ મેચમાં ભાગ લેવાની છેલ્લી તારીખ ૨૭મી જાન્યુઆરી છે.



શહેરનાં ઘ-માર્ગ પરથી પસાર થઈ રહેલા સે-૪-એમાં રહેતા ૫૭ વર્ષીય હસમુખભાઈ સદાભાઈ પરમારને ઘ-૨ સર્કલ પાસે ઓવરસાઈઝ ક્રેઈને અડફેટે લઈ લીધા હતા. ક્રેઈનની અડફેટથી ઘાયલ વૃધ્ધને તાત્કાલીક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સદભાગ્યે આ અકસ્માતમાં જાનહાની થવા પામી ન હતી.



ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી અને જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા તા. ૧૧મી થી ૧૭મી જાન્યુઆરી દરમિયાન ૨૬મું માર્ગ સલામતી સપ્તાહ ઉજવવામાં આવી રહ્યું છે. આ પ્રસંગે માર્ગ સલામતી સપ્તાહ અંગેના સાહિત્યનો લોકાર્પણ સમારંભ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ડીવાયએસપી એલ. એન. જેઠવાના વરદ હસ્તે સાહિત્યનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એઆરટીઓ પટેલ, ટ્રાફિક પી.આઈ. વાય.આર. ગામિત, મહામંડળના પ્રમુખ અરુણ બુચ અને સીતારામ પટેલ, નિલેન્દુ વોરા ઉપસ્થિત રહ્યા હતાં.

## ગાંધીનગરમાં જ્યોતિષના વર્ગોની તાલીમ

ગાંધીનગર, તા. ૨૦

ધ વૈદિક એસ્ટ્રોલોજીકલ ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા જયોતિષ શીખવવા માટેના વર્ગો ગાંધીનગરના સેકટર-૬ ખાતે આવેલી સરસ્વતિ વિદ્યાલયમાં શરૂ કરવામાં આવ્યા છે.

ધ વૈદિક એસ્ટ્રોલોજીકલ ફાઉન્ડેશન, ગાંધીનગરની સંચાલિકા શ્રીમતી વિણાબેન વૈષ્ણવે આ અંગે વધુમાં જણાવ્યું છે કે, આ વર્ગોમાં જયોતિષની -ાથમિક માહિતી, જન્મકુંડળી કઈ રીતે બનાવવી, જયોતિષ ગણિત કોષ્ટક, ગ્રહોના શુભાશુભ સ્થાન, પંચાગની માહિતી, મુહૂર્તની માહિતી, મુહૂર્તની ગણિતીક સમજ, રાશીઓની સમજ, કુંડળીના ભાવો વિશેની માહિતી, વાસ્તુશાસ્ત્ર વગેરેને લગતી તાલીમ આપવામાં આવશે. તાલીમ જયોતિષ શાસ્ત્રના નિષ્ણાંતો શ્રી વિંછીભાઈ વૈષ્ણવ, દિપાલીબેન આર. જોષી અને અન્ય નિષ્ણાંતો દ્વારા શીખવવામાં આવે છે. જયોતિષ શીખવાના વર્ગો માટે -મુખ શ્રીમતી વિણાબેન વૈષ્ણવ, મો. નં. ૯૮૨૪૬૪૭૪૩૫ પર સંપર્ક કરવાનો રહેશે.



અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત જે.એમ. ચૌધરી વિદ્યાલય, સેકટર-૭ ખાતે ઈન્ડિયન રેડક્રોસ ગાંધીનગર બ્રાન્ચના સહયોગથી ટ્રસ્ટી શ્રી જીવણભાઈ ચૌધરીની ૧૫મી પુણ્યતિથિ નિમિત્તે એક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહેનોએ ઉત્સાહભેર રક્તદાન કર્યુ હતું. શાળાના સ્ટાફના બહેનો તેમજ કોલેજ વિદ્યાર્થીઓએ આ શિબિરમાં ઉત્સાહ દાખવ્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

# માનસિક બિમાર યુવતીને પોલીસે ઘર સુધી પહોંચાડી

## ઘર ભુલેલી ૨૨ વર્ષની અમદાવાદની યુવતી શાહપુર ચોકડીથી બિનવારસી મળી હતી

ગાંધીનગર, તા. ૨૦

માનસિક અસ્થિરતાનો ભોગ બનેલી અમદાવાદની ૨૨ વર્ષિય યુવતી તેના પરિવારથી બે દિવસ પહેલા વિખુટી પડી ગઈ હતી અને લાપતા દિકરીને શોધવા માતાએ અમદાવાદ ખુંદી નાંખ્યું હતું. આ યુવતી કોઈ રીતે ગાંધીનગર શાહપુર ચોકડી પાસે રાતના અરસામાં ભુલી પડી હતી. યુવતીને ઈન્ફોસીટી પોલીસ જોઈ જતાં પોલીસ સ્ટેશન લાવી અને શાંત્વના આપીને વિશ્વાસમાં લઈ પોતાના ઘરે પરિવાર સુધી પહોંચાડવાનું ઉમદા કામ પોલીસે કર્યું છે.

ગાંધીનગર પોલીસ કંટ્રોલરૂમમાં ગઈકાલે સાંજે વર્ધી આવી હતી કે શાહપુર ચોકડી પાસે એક મંદબુદ્ધિની યુવતી ઘર ભુલેલી હાલતમાં ફરી રહી છે. ઈન્ફોસીટી પી.આઈ.ની સુચનાથી મહિલા પીએસઆઈ એમ.આર. પટેલ તેમની ટીમ સાથે શાહપુર પહોંચી ગયા હતા અને પરિવારથી વિખુટી પડેલી તથા બિનવારસી ભટકતા મળેલી યુવતીને વિશ્વાસમાં લઈને પોલીસ સ્ટેશન લાવી ચા-નાસ્તો કરાવ્યો હતો. નિરાધાર યુવતીને પ્રેમની ભાષાથી તેની ઓળખ મેળવી સરનામા સુધી પહોંચવા પુછપરછ કરવામાં આવી હતી. આખરે ઈન્ફોસીટી પોલીસની આ માનવીય કામગીરી રંગ લાવી ને પરિવારના સગડ મળી જતાં હેમખેમ તેના વાલીને યુવતી સોંપી એક દૃષ્ટાંત પુરૂ પાડ્યું હતું.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૪

સૂર્યાસ્ત : ૬.૧૯

## તાપમાન

મહત્તમ : ૨૮.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૫.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૦ ટકા ● સાંજે ૪૪ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

આઈ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

અલોન : ૧.૩૦, ૭.૩૦

સ્ક્રીન-૨ :

અલોન : ૧૦.૧૫, ૧૦.૧૫

આઈ : ૧૨.૩૦, ૭.૧૫

તેવર : ૪.૧૫

સ્ક્રીન-૩ :

શરાફત ગઈ તેલ લેને : ૧૧.૦૦, ૪.૩૦, ૯.૩૦

તેવર : ૧.૦૦, ૬.૩૦

### સિટીપલ્સ

: સ્ક્રીન-૧ :

આઈ (હિન્દી) : ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ :

આઈ (હિન્દી) : ૧૨.૩૦

અલોન : ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

સ્ક્રીન-૩ :

અલોન : ૧.૧૫

શરાફત ગઈ તેલ લેને : ૩.૪૫, ૭.૧૫

ટેકન (ઇંગ્લીશ) : ૯.૩૦

સ્ક્રીન-૪ :

આઈ : ૧૦.૦૦

ક્રેઝી કુક્કડ ફેમિલી : ૧.૩૦

તેવર : ૭.૦૦

શરાફત ગઈ તેલ લેને : ૧૦.૧૫

સ્ક્રીન-૫ :

અલોન : ૧૦.૦૦

ક્રેઝી કુક્કડ ફેમિલી : ૭.૩૦

પી.કે. : ૪.૧૫

શરાફત ગઈ તેલ લેને : ૧૨.૩૦

તેવર : ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : આર્થિક સંપન્નતા વધશે. દૃઢ નિશ્ચયની પ્રવૃત્તિને કારણે કાર્યામાં વિજય પ્રાપ્ત થઈ શકે છે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**વૃષભ** : આર્થિક ઉન્નતિ થશે. મુશ્કેલીઓ દૂર થશે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે.

**મિથુન** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. અધિકારી તમારા કાર્યથી પ્રસન્ન થશે. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

**કર્ક** : કોઈ નામી વ્યક્તિથી મુલાકાત થશે. ઉપહાર મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ઉન્નતિ થશે. સ્વપ્નાઓ સાકાર થઈ શકશે. આળથી બચીને સક્રિય થઈ જવું તમારા માટે લાભકારક રહેશે.

**સિંહ** : જ્ઞાનવૃદ્ધિ માટે સ્વાધ્યાયમાં રુચિ વધશે. ખાન-પાનની ગડબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. વ્યપારમાં અનાયાસ ખલેલ પહોંચી શકે છે.

**કન્યા** : વ્યાપારની બાબતમાં યોગ્ય નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે.વિરોધીઓની તરફ ધ્યાન ન આપીને સ્વયં કાર્ય કરો. વિષમ પરિસ્થિતિમાં પણ ધૈર્ય બનાવી રાખવું પડશે.

**તુલા** : દરેક ક્ષેત્રમાં સમ્માન મળશે. વેપાર ક્ષેત્રમાં નવી યોજનાઓથી લાભ. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે.

**વૃશ્ચિક** : સગા-સંબંધીઓથી મુલાકાત થશે. લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા જરાકમાં જ ઉકેલાઈ શકે છે. વ્યવસાયમાં વૃદ્ધિનો યોગ છે. નિર્ણય લેવામાં વિલંબ ન કરો.

**ધન** : ઈચ્છિત કાર્ય પૂર્ણ થઈ શકશે. આરોગ્ય સારું રહી શકશે. વિલાસિતાની વસ્તુઓ ખરીદવાનો યોગ બનશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધાર અને ગુણાત્મકતા આવશે.

**મકર** : પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. આરોગ્ય સારું રહેશે. મકાન સંબંધી સમસ્યાનો સમાધાન થવાનો યોગ છે. ભૌતિક સુખ- સમૃદ્ધિ વધશે.

**કુંભ** : ભૂમિ-સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. આરોગ્યમાં અનુકૂળતા તમને ચિંતાઓથી મુક્ત કરશે.

**મીન** : અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળશે. નકામો તનાવ, મુશ્કેલી રહેવાની સંભાવના છે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ થશે.

## ચિરવિદાય

- સ્વ. બિહોલા મનુજી ફતાજી (ઉ.વ.૭૫) મુ. મગોડી, તા.જી. ગાંધીનગર
- સ્વ. દિનેશજી લંકાજી ઠાકોર (ઉ.વ.૫૮) ઘર નં. ૧૫/૧, ઈટલા, તા. કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. ચંપાબેન રઈજીજી ઠાકોર (ઉ.વ.૪૮) મુ. લિંબોદરા, તા. માણસા, જી. ગાંધીનગર
- સ્વ. બાબુભાઈ મણીભાઈ પટેલ (ઉ.વ.૮૭) મુ. રૂપાલ, તા.જી. ગાંધીનગર